| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024

## PART - 2 (GUJARATI)

પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : સવારે ૧૫:૦૦ થી ૧૭:૦૦

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
GUJARATI
PAPER-2
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઈ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) ભાષાનો પાયાનો એકમ નીચે પૈકી કયો છે ?

(A) ધ્વનિ (B) અક્ષર

(C) રૂપ (D) પ્રત્યય

(2) નીચેનામાંથી કયો શબ્દ દરિયાનો સમાનાર્થી નથી ?

(A) ઉદધિ (B) જલધિ

(C) સમધિ (D) અંબુધિ

(3) અશુદ્ધ ઉચ્ચારણ પર સૌથી વધુ અસર કરતું કયું કારણ હોઈ શકે ?

(A) સામાજિક કારણ (B) આર્થિક કારણ

(C) ધાર્મિક કારણ (D) શારીરિક કારણ

(4) વાચનના મુખ્ય બે પ્રકાર કયા કયા છે ?

(A) મુખવાચન અને મૂકવાચન (B) વૈયક્તિક અને સામૂહિક

(C) શારીરિક અને માનસિક (D) વાસ્તવિક અને અવાસ્તવિક

(5) ':' આ શેનું ચિહ્ન છે ?

(A) અલ્પવિરામ (B) અર્ધવિરામ

(C) ગુરુવિરામ (D) પૂર્ણવિરામ

(6) તત્સમ શબ્દ એટલે.....

(A) સંસ્કૃત ભાષાના પ્રાકૃત શબ્દો (B) સંસ્કૃત ભાષાના દશ્ય શબ્દો

(C) સંસ્કૃત ભાષાના ફેરફાર કરેલા શબ્દો (D) સંસ્કૃત ભાષાના પેરફાર કર્યા વિનાના શબ્દો

(7) 'નિપાત' ધરાવતું વાક્ય કયું છે ?

(A) તમે આજે જ રાજકોટ જશો ? (B) શું તમે આજે રાજકોટ જશો ?

(C) તમે કેવી રીતે રાજકોટ જશો ? (D) તમે કોની સાથે રાજકોટ જશો ?

(8) નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?

(A) ઉષા – સંધ્યા (B) હરણ – સારંગ

(C) રાત્રિ – રજની (D) રવિ - સૂર્ય

(9) જોડણીકોશમાં કયો શબ્દ સૌથી પહેલો હશે ? યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) અંજન (B) અંતઃશત્રુ

(C) અષ્ટાક્ષરી (D) આકૃતિ

(10) ભાષા શિક્ષણનો સૌથી મહત્ત્વનો ગુણ કયો હોવો જોઈએ ?

(A) વિદ્યાર્થીઓમાં રુચિ (B) સમાજમાં રુચિ

(C) શુદ્ધ ઉચ્ચારણ (D) વ્યાકરણનું જ્ઞાન

(11) વર્ણાનુપ્રાસ અલંકાર શોધો ?

(A) કામિની કોકિલા કેલી કૂંજન કરે.

(B) દમયંતિનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

(C) ભગતનો અવાજ જોયો હોય તો વાંસળી જેવો.

(D) મારે મન લાયબ્રેરી લોકશાહીનું મંદિર છે.

(12) 'સ્વૈર વિહારી' ઉપનામ કોનું છે ?

(A) કનૈયાલાલ (B) સુંદરમ્

(C) ઝવેરચંદ (D) રામનારાયણ પાઠક

(13) 'તૃષ્ણા' શબ્દની સાચી ધ્વનિ શ્રેણી કઈ છે ?

(A) ત્ + ઋ + ષ + ણ્ + આ (B) ત્ + ર્ + સ + ણ + આ

(C) ત + ઋ + શ્ + ણ + આ (D) ત + ર્ + ષ + સ્ + ણ્ + આ

(14) જેની ત્રણ બાજુએ પાણી રહેલ હોય તેવી જમીનને શું કહે છે ?

(A) ભૂશિર (B) શીશિર

(C) દ્વીપકલ્પ (D) સામુદ્રધુની

(15) સંધિ છોડો : વિષમ

(A) વિ + સમ (B) વિ + ષમ

(C) વિષ + અમ (D) વિસ + અમ

(16) વાહ ! આવતી કાલે તો મિષ્ટાન !

ઉપરના વાક્યનો પ્રકાર જણાવો.

(A) ઉદ્‌ગાર વાક્ય (B) વિધાન વાક્ય

(C) પ્રશ્ન વાક્ય (D) મિશ્ર વાક્ય

(17) કહેવત શોધો.

(A) આત્મા રેડી દેવો. (B) જોતરાઈ જવું.

(C) પાડ માનવો. (D) ઉતાવળે આંબા ન પાકે.

(18) 'પોતાનાં વખાણ પોતે કરવાં' એટલે.....

(A) આત્મવાદી (B) આત્મશ્લાઘા

(C) આત્મશ્રદ્ધા (D) આત્મસાત્

(19) કૂતરાંને ખાવા નાખવાનું સાધન – શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A) વાટકો (B) ઢોબલો

(C) મજૂસ (D) ચાટ

(20) 'સાહિત્ય જીવનની સમીક્ષા છે' – સૂત્ર કોણે આપ્યું ?

(A) મેથ્યુ આર્નલ્ડ (B) લોન્જાઈનસ

(C) ક્રોચે (D) પ્લેટો

(21) હૃદય છલકાઈ જવું એટલે.....

(A) સફળતા પ્રાપ્ત કરવી (B) ખૂબ દુઃખ થવું

(C) હૃદય ભરાઈ આવવું (D) આનંદિત થઈ ઊઠવું

(22) સાચો વિકલ્પ પસંદ કરો.

(A) જાડા હાથીનો સૂંઢ ઝૂલતી હતી. (B) જાડા હાથીની સૂંઢ ઝૂલતું હતી.

(C) જાડા હાથીની સૂંઢ ઝૂલતી હતી. (D) જાડા હાથીનો સૂંઢ ઝૂલતો હતી.

(23) સાચી જોડણી કઈ છે ?

(A) ભાડુઆત (B) ભાન્ડુઆત

(C) ભાડૂઆત (D) ભાડુવાત

(24) 'ર' કયા પ્રકારનો ધ્વનિ છે ?

(A) દંત્ય પ્રાશ્રિક (B) દંત્ય સંઘર્ષી

(C) તાલવ્ય સંઘર્ષી (D) દંત્ય પ્રકંપી

(25) સાચી જોડણી જણાવો.

(A) આશીર્વાદ (B) આશિર્વાદ

(C) આર્શીવાદ (D) આર્શિવાદ

(26) છંદ માટે આઠ ગણભાતને યાદ રાખવાનું સૂત્ર ક્યું છે ?

(A) યમાતારાજભાનસ-લગા (B) યમાનાતારાજભાસ-લગા

(C) યમાતારાજભાસન-લગા (D) યમાનાતારાજભાસન-લગા

(27) નીચેનામાંથી કયો વર્ણ અનુનાસિક નથી.

(A) ણ (B) ન

(C) જ (D) મ

(28) સમાનાર્થીનું કયું જોડકું યોગ્ય નથી ?

(A) યામિની – રાત્રિ (B) પરોણો – અતિથિ

(C) લાવણ્ય – સૌંદર્ય (D) ઉત્તમ – કનિષ્ઠ

(29) માતૃભાષાના શિક્ષણથી કઈ શક્તિ ખીલે છે ?

(A) કલ્પના શક્તિ (B) તર્કશક્તિ

(C) યાદશક્તિ (D) A અને B બંને

(30) નીચેનામાંથી મહાપ્રાણ વ્યંજન કયા છે ?

(A) ન અને મ (B) ખ અને ધ

(C) હ અને ળ (D) ર અને ટા

(31) નીચેનામાંથી કયા જોડકામાં યોગ્ય વિરોધી શબ્દ વપરાયેલ છે ?

(A) જગત – આલમ (B) અગ્રજ – અનુજ

(C) ચતુર – નિપુણ (D) ભાર્યા – અર્ધાંગના

(32) નીચેનામાંથી કયું વાક્ય કૃદન્ત રૂપવાળુ નથી ?

(A) માતાપિતાને પ્રણામ કરવા જોઈએ. (B) ખાતાં ખાતાં ગળી જવાયું.

(C) તમે જાઓ (D) એ બધાંને જોઈને હું ડરી ગઈ.

(33) કયું કૌશલ્ય પાયાનું કૌશલ્ય છે ?

(A) કથન કૌશલ્ય (B) લેખન કૌશલ્ય

(C) શ્રવણ કૌશલ્ય (D) વાંચન કૌશલ્ય

(34) નીચેનામાંથી નિપાત ઓળખાવો.

(A) થકી (B) જ

(C) દ્વારા (D) કોને ?

(35) નીચેનામાંથી કયું ઝવેરચંદ મેઘાણીનું ઉપનામ નથી ?

(A) રાષ્ટ્રીય શાયર (B) વિલાપી

(C) કલાપી (D) પહાડનું બાળક

(36) નીચેનામાંથી કયું વાક્ય ખરું છે ?

(A) 'જ્ઞાનતંતુ' ઉપપદ સમાસ છે. (B) 'હું', 'તું', 'તેઓ' – સંજ્ઞાવાચક નામો છે.

(C) ભલાઈ, બુરાઈ, તીખાશ વિશેષણો છે. (D) ગાય, પુષ્ફળ, ફળ - જાતિવાચક નામો છે.

(37) 'અતળ' એટલે.....

(A) તળિયું (B) તાળવું

(C) ઊંડું (D) પ્રચંડ

(38) 'કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.'

(A) ચોપાઈ (B) દોહરો

(C) હરિણી (D) સવૈયા

(39) 'પીતાંબર'માં કયો સમાસ છે ?

(A) કર્મધારય (B) દ્વિગુ

(C) ઉપપદ (D) દ્વંદ્વ

(40) 'વાંચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવાની પ્રક્રિયા છે.' — વાંચનની આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) રોબિન્સન (B) ડેબ્રો (C) થોર્નડાઇક (D) ગુડમેન

(41) • અર્થગ્રહણ

• અભિવ્યક્તિ

• તાર્કિક ચિંતન

• સર્જનાત્મકતા

• વ્યવહારિક ઉપયોજન

ઉપરોક્ત બાબતો શું સુચવે છે ?

(A) ભાષા અધ્યયનનાં મુખ્ય ક્ષેત્રો (B) ભાષા અધ્યાપનના ઘટકો

(C) ભાષા અધ્યયનની લાક્ષણિકતાઓ (D) ભાષાનું મહત્ત્વ

(42) 'સાપ જેમ કાંચળી ઉતારે તેમ નળે દમયંતીને તજી દીધી' — માં કયો અલંકાર છે.

(A) શ્લેષ (B) રૂપક (C) અનન્વય (D) દૃષ્ટાંત

(43) 'મેથીપાક' એકમમાં ધાબડધીંગી પોતાનાં બચ્ચાંને શા માટે સાચવતી હતી ?

(A) બચ્ચાં નાના અને કોમળ હોવાથી સિંહ શિકાર ન કરી જાય તે માટે સાચવતી હતી.

(B) બચ્ચાંને શિયાળાની કડકડતી ઠંડીથી બચાવવા સાચવતી હતી.

(C) બચ્ચાં ખૂબ તોફાન કરતાં તેમને વાગી ન જાય તે માટે સાચવતી હતી.

(D) નર રીંછથી બચ્ચાંને નુકસાન ન થાય તે માટે સાચવતી હતી.

(44) • અંત્યાક્ષરી હરીફાઈનું આયોજન

• શબ્દ રમતનું આયોજન

• પ્રાર્થના સભાની પ્રવૃત્તિઓ

• વાર્તા કથનની પ્રવૃત્તિ

ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓ કયું કૌશલ્ય ખિલવવામાં ઉપયોગી નિવડશે ?

(A) લેખન કૌશલ્ય (B) મૌખિક અભિવ્યક્તિ

(C) વાંચન કૌશલ્ય (D) ભાષા વિકાસ

(45) • મૂળાક્ષર પરથી શબ્દ બનાવો.

• શબ્દ ઉપરથી વિવિધ વાક્ય બનાવો.

• શબ્દ પરથી વાર્તા બનાવો.

• અધૂરી વાર્તા પૂર્ણ કરો.

• જોડકણાંની રચના કરો.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ દ્વારા શું વિકસાવી શકાય.

(A) સર્જનાત્મકતા (B) તાર્કિક ચિંતન (C) મૌખિક અભિવ્યક્તિ (D) કથન કૌશલ્ય

(46) 'સાંજ સમે શામળિયો' ગીતકાવ્ય.....

(A) કૃષ્ણ-અર્જુન સંવાદનું ગીતકાવ્ય છે.
(B) કૃષ્ણ-સુદામા મૈત્રીભાવનું ગીતકાવ્ય છે.
(C) કૃષ્ણ-જશોદા વાત્સલ્યભાવનું ગીતકાવ્ય છે.
(D) કૃષ્ણ મધુર રૂપવર્ણનનું ગીતકાવ્ય છે.

(47) કવિના મત મુજબ ઈશ્વરનું હૃદય કોના જેવું વિશાળ છે? કવિતા – 'પર્વત તારા પ્હોળા'...

(A) દરિયા જેવું
(B) પર્વત જેવું
(C) આકાશ જેવું
(D) નદી જેવું

(48) 'ડાંગવનો અને.....' કૃતિનો સાહિત્યપ્રકાર લખો.

(A) નિબંધ
(B) નવલિકા
(C) એકાંકી
(D) આત્મકથા અંશ

(49) મુનશીની પ્રથમ નવલકથા કઈ છે?

(A) પાટણની પ્રભુતા
(B) ગુજરાતનો નાથ
(C) વેરની વસુલાત
(D) રાજાધિરાજ

(50) 'બમ બમ ભોલા' ગીતમાં બાવો કોણ બન્યું છે?

(A) નિરંજન
(B) અલખ
(C) શિવજી
(D) બચુ

(51) 'બોલીએ ના-કાંઈ' કાવ્ય શો સંદેશ આપે છે?

(A) આપણે બીજાને દુઃખ પહોંચાડી રાજી થવું જોઈએ?
(B) વનવગડે બેસી મોટેથી દુઃખને રડવું જોઈએ.
(C) આપણી વ્યથા આપણે જ સહન કરવી જોઈએ.
(D) લોકોને ભેગા કરી આપણું દુઃખ કહેવું જોઈએ.

(52) 'ધૂળિયાં મારગ' શબ્દ કાવ્યમાં કવિએ કયા અર્થમાં પ્રયોજ્યો છે?

(A) સુખ વૈભવથી ભરપૂર જીવનના અર્થમાં
(B) ધૂળ, માટી અને કાદવના અર્થમાં
(C) ધન, સંપત્તિની લાલસાના અર્થમાં
(D) સાદા-સાત્ત્વિક જીવનના અર્થમાં

(53) નીચેના વાક્યમાંથી અનિશ્ચિત સર્વનામ શોધો.
કેટલાક પકડાયા ને બીજા નાસી ગયા.

(A) કેટલાક
(B) પકડાયા
(C) બીજા
(D) નાસી ગયા

(54) વરસાદ માટે પ્રાર્થના કરવા ભેગાં થયેલાં લોકોએ નાની બાળકીની મશ્કરી શા માટે કરી?

(A) તે એકલી જ આવી હતી.
(B) તેને પ્રાર્થના આવડતી નહોતી.
(C) તે પોતાની સાથે છત્રી લાવી હતી.
(D) તે દોડાદોડી કરતી હતી.

(55) 'વાંદરાભાઈનું ઘર' પાઠમાં ઝાડ પરના લાંબા માળામાં ઝૂલતી ............... સુઘરી જોઈ રહી હતી. ખાલી જગ્યા પૂરો.

(A) ઝટપટ (B) ખટખટ (C) ચટપટ (D) ટપટપ

(56) શબ્દની સાચી જોડણી શોધો.

(A) નીસરણિ (B) નિશરણિ (C) નીષરણિ (D) નિસરણી

(57) 'કેકારવ' કયા ધોરણના પુસ્તકનું નામ છે?

(A) ધોરણ - ૨ (B) ધોરણ - ૩ (C) ધોરણ - ૪ (D) ધોરણ - ૫

(58) નીચેના વાક્યમાં કયું સર્વનામ વપરાયું છે. પેલું કેટલું સુંદર છે!

(A) અનિશ્ચિત સર્વનામ (B) પ્રશ્નવાચક સર્વનામ

(C) દર્શક સર્વનામ (D) પુરુષવાચક સર્વનામ

(59) 'નાવિક વળતો બોલિયો' માં નાવિક રામને નાવમાં બેસાડવાની ના પાડે છે કારણ કે.....

(A) નાવિકને ડર છે કે રામ રાજા છે અને નાવમાં બેઠા પછી મારી નાવ લઈ જશે.

(B) રામની ચરણરજથી મારી નાવ પણ સ્ત્રી બની જશે અને મારી આજીવિકા છિનવાઈ જશે.

(C) રામ રાજા હોવાથી તેમની પાસેથી નાવ પાર કરાવવાના પૈસા લેવાશે નહિ તેવો સંકોચ છે.

(D) નાવિક ગરીબ અને રામ પેસાદાર હોવાથી સામાન્ય નાવમાં તેમને કેમ બેસાડવા તેવી મુંઝવણ છે.

(60) 'કોરો કાચબો ભીનો ચાંદો' પાઠમાં વાંદરાનાં બચ્ચાં અડધી રાતે પાણીમાં કેમ પડી ગયાં?

(A) ઊંઘમાં હોવાથી બચ્ચાં પડી ગયા. (B) તોફાનમસ્તી કરતાં હોવાથી પડી ગયા.

(C) તળાવમાં પડેલ ફળ લેવા જતાં પડી ગયાં. (D) ચાંદાને પાણીમાંથી બહાર કાઢવા જતા પડી ગયા.

(61) નીચેના વાક્યમાં લીટી દોરેલા શબ્દનું ક્રિયાવિશેષણ શોધો?

<u>ઉપર</u> આવો તો સારું.

(A) સ્થાનવાચક ક્રિયાવિશેષણ (B) સમયવાચક ક્રિયાવિશેષણ

(C) માત્રાસૂચક ક્રિયાવિશેષણ (D) અભિગમવાસી ક્રિયાવિશેષણ

(62) 'જેનામાં ઓછી આવડત હોય તે વધુ બતાવવાનો ડોળ કે દેખાવ કરે.' – એવો અર્થ કઈ કહેવતમાં રહેલો છે.

(A) ખાળે ડૂચાને દરવાજા મોકળા (B) પેટનો બળ્યો ગામ બાળે

(C) ડૂબતો માણસ તણખલું પકડે (D) ખાલી ચણો વાગે ઘણો

(63) નીચેના વાક્યનો અલંકાર ઓળખાવો?

ડોલતો ડુંગર ઈતો અમારો સસરો જો.

(A) ઉપમા અલંકાર (B) રૂપક અલંકાર

(C) વ્યક્તિરેક અલંકાર (D) શ્લેષ અલંકાર

(64) 'તેણે સાયકલ ખરીદી' – આ વાક્ય કયા પ્રકારના ક્રિયાપદનું છે ?

(A) સકર્મક ક્રિયાપદ
(B) અકર્મક ક્રિયાપદ
(C) સહાયકારક ક્રિયાપદ
(D) સંયુક્ત ક્રિયાપદ

(65) 'કલાકારની ઢીંગલી' એકમ માટે નીચેનામાંથી કયું વાક્ય સાચું નથી ?

(A) દિવ્યેશ હાથબનાવટની અવનવી વસ્તુઓ બનાવી વેચતો.
(B) દિવ્યેશ ફુરસદના સમયે રમત રમતો અને ખૂબ મોજ મજા કરતો.
(C) દિવ્યેશ રિયાને 'કારેલા રાખડી' આપી.
(D) દિવ્યેશ ગવર્નમેન્ટ સ્કૂલમાં અભ્યાસ કરતો.

(66) જોડણીભેદ અર્થભેદની કઈ જોડી સાચી નથી ?

(A) ઈનામ - બક્ષિસ, ઈનામ - પ્રમાણિક
(B) કઠોર - કઠમ, કઠોળ - અનાજ
(C) કૂંચી - ચાવી, કૂચી - પેટ
(D) કેશ - વાળ, કેસ - મુકદમો

(67) 'શાર્દુલ' નો સમાનાર્થી શબ્દ કયો ?

(A) શિયાળ
(B) વાઘ
(C) વિકરાળ
(D) સિંહ

(68) 'શિખરિણી' છંદનો ગણ કયો છે ?

(A) ય મ ન સ ભ લ ગા
(B) મ ભ ન ત ત ગા ગા
(C) ત ભ જ જ ગા ગા
(D) ત ત જ ગા ગા

(69) નીચે આપેલ પંક્તિનો છંદ ઓળખાવો ?

પોલું છે તે બોલ્યું તેમાં,
કરી તેં શી કારીગરી ?
સાંબેલું બજાવે તો હું,
જાણું કે તું શાણો છે.

(A) અનુષ્ટુપ છંદ
(B) ઈન્દ્રવજ્રા છંદ
(C) વસંતતિલકા છંદ
(D) મનહર છંદ

(70) 'ખાડાની ધારે ચાલવું' – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) હિંમત ન ચાલવી
(B) ખૂબ કપરા માર્ગે ચાલવું
(C) કામ પાર પાડવું
(D) ખબર પડી જવી

(71) નીચે દર્શાવેલ ગુજરાતી શબ્દો તથા તેના અર્થ પૈકીની કઈ જોડી ખોટી છે ?

(A) નિષ્કામ – ફળની ઇચ્છા વિનાનું
(B) દધિમંથન – દહીં વલોવવાની ક્રિયા
(C) પટકુળ – રેશમી કે ઊંચી કિંમતનું વસ્ત્ર
(D) સપરમો દહાડો – અશુભ દિવસ

(72) ઘણી બૂમ પાડવા છતાં કોઈ ન સાંભળે તેવું. – શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A) અસંગત
(B) અરણ્યરુદન
(C) અસાધ્ય
(D) અધ્યાત્મ

(73) 'શરૂઆત કરીએ' ગઝલમાં કવિ......

(A) દુઃખને હરાવવાની વાત કરે છે.
(B) દુઃખને ભૂલી જવાની વાત કરે છે.
(C) દુઃખ આપી અન્યને દુઃખી કરવાની વાત કરે છે.
(D) સુખ કરતાં દુઃખ વધુ છે તેવી વાત કરે છે.

(74) નીચેના શબ્દમાંથી દ્વિરુક્ત વાળો શબ્દ શોધો ?

(A) ગીતા - સીતા
(B) નાનો - મોટી
(C) ગરમાગરમ
(D) આગળ - પાછળ

(75) નીચેનામાંથી કયો શબ્દ રવાનુકારી છે ?

(A) ટપટપ
(B) ચા – બા
(C) વાસણ – બાસણ
(D) પાણીબાણી

(76) અર્વાચીન યુગના અરુણ તરીકે સુધારક યુગમાં કયા સર્જકને બિરદાવવામાં આવ્યા છે ?

(A) નર્મદ
(B) લાભશંકર
(C) દલપતરામ
(D) કનૈયાલાલ

(77) ભાષા કૌશલ્ય માટે કયું સુસંગત છે ?

(A) લેખન - વાંચન - કથન - શ્રવણ
(B) વાંચન - શ્રવણ - લેખન - કથન
(C) શ્રવણ - કથન - વાંચન - લેખન
(D) કથન - શ્રવણ - વાંચન - લેખન

(78) નીચેનામાંથી કઈ શિક્ષક કેન્દ્રી પધ્ધતિ છે ?

(A) પ્રોજેક્ટ
(B) સ્વધ્યાય
(C) પરિસંવાદ
(D) વ્યાખ્યાન

(79) સમૂહવાચક સંજ્ઞા કઈ છે ?

(A) શિવાજી
(B) લોખંડ
(C) સરઘસ
(D) મંત્રી

(80) નીચેના વાક્યમાંથી કર્મણિ વાક્ય કયું છે ?

(A) જુમાના ખેતરે એક પાડો પળાયો.
(B) જુમાએ પોતાના ઘેર પાડો પાળ્યો.
(C) જુમાએ કાળો પાડો પાળ્યો.
(D) જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો.

(81) સૂપતીનો અર્થ છે.....

(A) રાજા
(B) સલાટની હથોડી
(C) સારો પતિ
(D) સૂપડી બનાવનાર

(82) 'તેને તે ઊગશે ?' પાઠમાં કૂકડીને કઈ બે વાતનું દુઃખ છે ?

(A) તેનાથી સવારે વહેલાં ઊઠાતું નથી કે ચણ માટે જવાતું નથી.

(B) તેનાથી ઊંચે ઊડાતું નથી અને તેને રંગીન પીંછા નથી, માથે કલગી નથી, ગલે લાલ-પીળા રંગો નથી.

(C) તે હોંશિયાર નથી અને તેને બચ્ચાં પણ નથી.

(D) તેનાથી ઝડપથી દોડાતું નથી અને તેને સાતતાળી રમતાં આવડતું નથી.

(83) કયું વાક્ય સાચું છે ?

(A) દરેકે વિદ્યાર્થીઓને

(B) દરેક-દરેક વિદ્યાર્થીઓને

(C) દરેક વિદ્યાર્થીઓને

(D) દરેક વિદ્યાર્થીને

(84) 'નાગદમન' કાવ્યની પંક્તિ નરસિંહ મેહાતના પૂર્ણ કરો.

નિચે તારો કાળ જ ખૂટ્યો......................

(A) કે તારા વેરીએ વળાવિયો ?

(B) અહીંયા તે શીદ આવિયો ?

(C) નાગનું શીશ હું હારિયો

(D) નાગણે નાગ જગાડિયો

(85) 'ગરબો' કાવ્ય પ્રકાર માટે કયા કવિ જાણીતા છે ?

(A) વલ્લભ મેવાડો

(B) દયારામ

(C) શામળ

(D) નરસિંહ

(86) શબ્દની મુખ્ય ત્રણ શક્તિઓ કઈ છે ?

(A) સત્ત્વ, રજસ અને તમસ

(B) અભિધા, લક્ષણા અને વ્યંજના

(C) ઉત્તમ, મધ્યમ અ; સામાન્ય

(D) લિપી, વાણી અને જ્ઞાન

(87) 'મને એ ચક્ષુમાં પ્રભુ ! જગત <u>તીર્થોત્તમ</u> મળ્યું.' – લીટી દોરેલ શબ્દના સમાસનો પ્રકાર ઓળખાવો.

(A) દ્વન્દ્વ

(B) મધ્યપદલોપી

(C) કર્મધારય

(D) ઉપપદ

(88) કૃતિ અને કર્તાનું કયું જોડકું સાચું નથી ?

(A) સત્યના પ્રયોગ - મહાદેવભાઈ દેસાઈ

(B) કલાપીનો કેકારવ - કલાપી

(C) મળેલા જીવ - પન્નાલાલ પટેલ

(D) જનમટીપ - ઇશ્વર પેટલીકર

(89) 'પથ્થર થરથર ધ્રુજે' – પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) ઉત્પ્રેક્ષા
(B) રૂપક
(C) ઉપમા
(D) સજીવારોપણ

(90) નીચેના વાક્યનો પ્રકાર જણાવો.

'અમે લગ્નમાં અમદાવાદ ગયા હતા અને ત્યારબાદ ગાંધીનગર ગયા હતાં.'

(A) મિશ્ર વાક્ય
(B) સંકુલ વાક્ય
(C) કર્તરિ વાક્ય
(D) સંયુક્ત વાક્ય

(91) 'દશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે.' આ વાક્ય માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) મેળાનું ચિત્ર દોરે છે.
(B) મેળાના ચિત્ર પરથી મેળાનું લેખિત વર્ણન કરે છે.
(C) મેળાનું આયોજન કરે છે.
(D) મેળા વિશેના અનુભવો પ્રાર્થનાસભામાં મૌખિક રીતે રજૂ કરે છે.

(92) મૈખિક અભિવ્યક્તિ પર અસર કરતાં પરિબળો ?

(A) સાંભળેલી વાત કરવી - અનુમાન લગાવવું
(B) પદ્યનું અર્થગ્રહણ - માન્ય ઉચ્ચારણ - મૂક વાંચન
(C) બાળકની બુદ્ધિશક્તિ - પ્રેરણા પ્રોત્સાહન સમૂહ માધ્યમો
(D) એક બીજાની વાત અંગે સહમતિ

(93) નીચે આપેલા શબ્દોમાંથી કયો શબ્દ તત્સમ છે ?

(A) સૂરજ
(B) હસ્ત
(C) વરસ
(D) ધરમ

(94) નીચેના શબ્દના સાચી રીતે છૂટા પાડેલા સ્વરવ્યંજનો (ધ્વનિશ્રેણી) વિકલ્પમાંથી શોધો. 'ક્ષમા'

(A) ક + ક્ષ્ + મ્ + આ
(B) ક્ + ષ્ + અ + મ્ + આ
(C) ક્ + શ્ + અ + મ્ + આ
(D) ક + ષ + આ + મ + આ

(95) 'નિશીથ' નીચેનામાંથી કોનો કાવ્યસંગ્રહ છે ?

(A) ચુનીલાલ મડિયા
(B) મનુભાઈ પંચોળી
(C) ત્રિભુવનદાસ લુહાર
(D) ઉમાશંકર જોષી

(96) વાંચનના હેતુ આધારિત કયા પ્રકાર પડે છે ?

(A) મૂકવાંચન – સમૂહ વાંચન
(B) મુખવાંચન – મૂકવાંચન
(C) આદર્શવાચન – સમૂહ વાંચન
(D) મુખ વાંચન – આદર્શવાચન

(97) મૂર્ધન્ય વ્યંજન કયો છે ?

(A) ટ્ (B) ફ્

(C) પ્ (D) ત્

(98) ભાષાવિકાસ માટે કયું વિધાન બંધબેસતું નથી ?

(A) ભાષાવિકાસમાં શિક્ષકનો ફાળો અનન્ય છે.

(B) ભાષાવિકાસમાં સમૂહ માધ્યમો બિનઉપયોગી છે.

(C) પ્રેરણા ભાષાવિકાસને ગતિ અને દિશા આપે છે.

(D) ભાષાવિકાસનું ઉદ્ગમસ્થાન બાળકનું કુટુંબ છે.

(99) વાક્યમાંથી પ્રેરકવાક્ય કયું છે ?

(A) જુમાએ પાણી પીવડાવ્યું (B) જુમાએ પાડાને પાણી આપ્યું

(C) જુમાએ પાણી પાયું (D) જુમાએ પાડાને ખેતરમાં પાણી પાયું

(100) આપેલા શબ્દોમાં સાચી જોડણી શોધો ?

(A) ક્રિમીયો (B) કીમીઓ

(C) કીમિયો (D) કિમિયો

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL
PAPER-2

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.